# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJ-INDIA AIRCRAFT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું કે ભારત, વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું ઉડ્ડયન બજાર બન્યા પછી, હવે વિમાન ભાડાપટ્ટા અને ધિરાણ માટે એક અગ્રણી વૈશ્વિક સ્થળ બની રહ્યું છે.

ગાંધીનગરમાં GIFT સિટી ખાતે ઇન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ અને ફાઇનાન્સિંગ સમિટના બીજા તબક્કામાં શ્રી નાયડુએ આ નિવેદન આપ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે ભારત ત્રીજા સૌથી મોટા સ્થાનિક ઉડ્ડયન બજાર તરીકે ઉભરી આવ્યું છે, જેમાં 2026 સુધીમાં સ્થાનિક મુસાફરોની સંખ્યા 19 કરોડ 10 લાખ સુધી પહોંચવાની અપેક્ષા છે. તેમણે અંદાજ લગાવ્યો હતો કે 1,100 વણિજ્યક વિમાનનો વર્તમાન કાફલો 2035 સુધીમાં ત્રણ ગણો થઈ શકે છે. તેમણે હિસ્સેદારોને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે જરૂરી લાંબા ગાળાની નાણાકીય માળખાગત સંપત્તિ તરીકે જોવા વિનંતી કરી.

(BYTE – RAMMOHAN NAYADU)

શ્રી નાયડુએ જાહેરાત કરી હતી કે પ્રાદેશિક જોડાણને મજબૂત બનાવવા માટે લક્ષદ્વીપમાં સી-પ્લેન કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, દેશમાં એરક્રાફ્ટ લિઝિંગ ઈન્ડસ્ટ્રીઝ માટે ગિફ્ટ સિટીનું ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ સર્વીસીસ સેન્ટર્સ ઓથોરીટી મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપમાં નિર્માણ થયેલું ગિફ્ટ સિટી દેશના ફિનટેક હબ તરીકે ખ્યાતિ પામ્યું છે.

# CM SCHOOL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ગોધાવી ખાતે શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિરના નવા સંકુલનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું, રાજ્ય સરકાર શિક્ષણ પાછળ 63 હજાર કરોડ રૂપિયા જેટલું માતબર બજેટ ફાળવીને 'જ્ઞાનશક્તિ'થી વિકસિત ગુજરાતના પાયા મજબૂત કરી રહી છે. તેમણે ઉમેર્યું, આ સંસ્થામાં શિક્ષણની સાથે ધ્યાન, પ્રાણાયામ અને મંત્રોચ્ચાર જેવી યોગિક પદ્ધતિઓ દ્વારા માનવ મૂલ્યોનું સંવર્ધન કરાશે.

# BJP MEET

ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો આજે ત્રીજો દિવસ છે. અમારાં પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે આજે સૌરાષ્ટ્ર અને વડોદરા સિવાયના બાકી રહેલા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકાના હોદ્દેદારોની નિમણૂક અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

# DANG ACCIDENT

ડાંગ જિલ્લાના આહવાથી બોરખેત માર્ગ પર આજે થયેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. અમારાં પ્રતિનિધિ જણાવે છે કે કાર અને બાઇક વચ્ચે અકસ્માત થતાં બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. મૃતક યુવાનો આહવા દત્ત નગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# POSTAL REVENUE

ઉત્તર ગુજરાત ટપાલ વિભાગને નાણાંકીય વર્ષ 2025-26માં 251 કરોડ રૂપિયાની આવક થઈ છે.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે એક હજાર 110 ગામોને સુકન્યા સમૃદ્ધિ, 400 ગામને બચત ગ્રામ અને 791 ગામો સંપૂર્ણ વીમા ગ્રામ જાહેર કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું વર્ષ દરમિયાન 4 લાખ 20 હજાર નાગરિકોને આધાર સેવાઓ પુરી પાડવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ 2 થી 3 ડિગ્રી વધારો તેમજ અનેક વિસ્તારોમાં હીટવેવની આગાહી કરી છે.

હાલ રાજસ્થાન આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બન્યું છે, જ્યારે સાઉથ-વેસ્ટ મધ્યપ્રદેશથી કોમોરિન વિસ્તાર સુધી ટ્રફ લાઇન પસાર થઈ રહી છે. જેના કારણે ગુજરાતના મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલા વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 43.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં આગામી 15 મે સુધી હીટવેવની અસર યથાવત રહી શકે છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, અમદાવાદ અને ગાંધીનગર સહિતના વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સાથે જ સુરત અને વડોદરામાં પણ આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં 15 થી 20 નોટ્સની ઝડપે પવનો ફૂંકાઈ રહ્યા છે.

# Fire mock drill at Diu Hospital

દીવ જિલ્લા ખાતે “ફાયર સેફ્ટી વીક” અંતર્ગત આજે સરકારી હોસ્પિટલ દીવમાં ઇવેક્યુએશન મોકડ્રિલ અને ફાયર ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું.

મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર, નવી દિલ્હીની માર્ગદર્શિકા અનુસાર તથા કલેક્ટર રાહુલદેવ બુરા માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં હોસ્પિટલમાં આગ જેવી આપત્તિ સર્જાય ત્યારે કેવી રીતે ઝડપી અને સુવ્યવસ્થિત બચાવ કામગીરી હાથ ધરવી તેની જીવંત રજૂઆત કરવામાં આવી.

ફાયર વિભાગ દીવના અધિકારી પંકજ માયાવંશી અને તેમની ટીમ દ્વારા હોસ્પિટલ સ્ટાફને આગ સમયે લેવામાં આવતી તકેદારીઓ, ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ અને દર્દીઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

મોકડ્રિલ દરમિયાન હોસ્પિટલમાં આગ લાગ્યાની કલ્પિત સ્થિતિ ઉભી કરવામાં આવી હતી, જેમાં ડોક્ટર, નર્સ, સુરક્ષા કર્મચારીઓ સહિત આશરે 60 જેટલા સ્ટાફે સક્રિય ભાગ લઈને દર્દીઓને સલામત રીતે બહાર કાઢવાની કામગીરી કરી હતી.